# जयवंतसूरिकृत श्रीसीमंधरस्वामी लेख/पत्र

संपा. प्रद्युम्नसूरि

**कविपरिचय :**

श्रीजयवंतसूरिनुं नाम मध्यकालीन कविओमां आगली हरोळमां छे. तेमणे कदमां मोटी रचनाओ (शृंगारमंजरी, ऋषिदत्तारास व.) आपी छे अने ते मातबर-बळकट छे तो नानी नानी रचनाओ पण तेमनी एटली ज नोंधपात्र छे अने तेमां पण तेमनी आगवी सर्जक मुद्रानी भात सांपडे छे. तेमणे रचेलां गीतोनी संख्या एंशी जेटली थवा जाय छे. भर्यो भर्यो सर्जक क्यारे पण एक ज साहित्यप्रकारथी संतुष्ट थतो नथी. ते विधविध प्रकारो उपर कलम अजमावतो रहे छे अने तेमां पोताना मनोभावने वाचा आपतो रहे छे. तेमनो सत्ता समय सोळमी सदीनो उत्तरार्ध अने सत्तरमी सदीनो पूर्वार्ध गणी शकाय.

बृहत् तपागच्छना रत्नाकरसूरि महाराजना नामथी जे रत्नाकर शाखा शरु थई ते शाखामां, उपाध्याय विनयमंडनना ते शिष्य हता.

तेमनो विद्याव्यवसाय ए जीवननो व्यवसाय हतो एम तेओए रचेल साहित्य फाल जोतां कही शकाय. तेमां मुख्य बे रास कृतिओ छे. शृंगारमंजरी (वि.सं. १६१४). ऋषिदत्ता-रास (वि.सं. १६४३) आ रास उपरांत फाग-बारमास-संवाद अने आ पत्र जेवी नानी रचनानी संख्या ८० जेटली थवा जाय छे. अने आ संख्यामां तो छे ज पण गुणमां-सत्त्वमां तो एक नीवडेला कवि तरीके प्रतिष्ठित करी शकाय तेवी रचनाओ छे.

आ रीते तेमनो सत्तासमय विक्रमनी सोळमी-सत्तरमी सदी कही शकाय. तेमना विषे विस्तारथी जाणवानी रुचिवाळाए जयंत कोठारीनो "पंडित, रसज्ञ अने सर्जक कवि जयवंतसूरि" ए लेख जोवो जोइए.

**कृतिपरिचय :**

श्रीसीमंधरस्वामी लेख-पांच ढाळमां रचायेली ४०- कडीनी रचना छे. पांच प्रकारनी ढाळमां रागनां पण निर्देश कर्यो छे.

आ रचनानी एक अनेरी विशेषता ए छे के आ रचना 'लिखियउ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

माझमराति' शरत् पूर्णिमानी रात्रे आ रचना थई छे. कविहृदय-भक्तना हृदयने खीलववा माटे शरद् ऋतु अने तेमां पूनमनी रात्रि, खीलेला पूर्णचंद्रनी वरसती चांदनी पर्याप्त छे. दरियामां जेम तरंगमाला उभरे तेम कविहृदयमां काव्यनी सरवाणी वह्या विना न रहे.

एमां प्रभु सीमंधरस्वामीने विनतिनो विषय तेथी तेमां भक्तिनी छटा उमेराई छे. प्रभुने प्रियतम बनाव्या पछी तेनी साथेनी गोठडीमां विरह-संयोग-मिलन अने ते विषेनी ऊर्मिओ केवी उछळती रहे तेना दर्शन अहीं थाय छे. आ ढाळो गाती वखते जे आनंदनो अनुभव थाय छे ते तो अनुभवगम्य घटना छे.

कल्पनावैविध्य, उपमावैचित्र्य घणां स्थाने जोवा मळे छे. ''सवि अक्षर हीरे जड्या, लेख अमूलिक एह'' एम पोते ज कहे छे. एक मनोरम कृति छे.

**प्रतिपरिचय :**

आ रचनानी प्रतो भिन्न भंडारोमां मळे छे. अहीं तो ला.द.भारतीय संस्कृति विद्यामंदिरनी क्र. ६५२१. ए प्रतने मुख्य राखी छे अने पछी ते ज भंडारनी क्र. २४८१४ अने २७२३६ एम बे प्रतो साथे पाठभेदनी दृष्टिए मेळवी छे. पण ते बन्ने प्रतोमां पाठभेद तो खास नथी मळ्या पण ते अशुद्ध जणाई छे. उपयोगमां लीधेली प्रतनां त्रण पत्र छे. पत्रनी बन्ने बाजुए तेर लीटी छे. छेल्ला पत्रनी बीजी बाजुए पांच लीटी छे. प्रतना अक्षर मरोडदार अने मोटा छे. प्रत शुद्ध लखाई छे. ख ने माटे ष वपरायो छे. लहीयानुं नाम नथी. लेखन संवत पण नथी. प्रत सत्तरमी सदीनी होवानुं अनुमान थई शके छे. अंतमां **पं. हेमराजपठनार्थे** एम लखेलुं छे. प्रतो घणे भंडारे मळे छे माटे तेनो प्रसार सारो एवो थयो हशे एम लागे छे. अंते कृतिना शब्दोनी अर्थ साथे सूची आपी छे. आ रचनानी अने शब्दकोषनी (फेर कोपी) स्वच्छ नकलमां श्रीकांतिभाई बी. शाहनी सहाय मळी छे तेनुं सानंद स्मरण करुं छुं.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# श्रीसीमंधरस्वामी लेख/पत्र

कर्ता : श्रीजयवंतसूरि

(१) (राग : सामेरी)

स्वस्ति श्री पुंडरगिणी मोरु सगुण सीमंधरस्वामि
मुहि बोलतां अमृत झरई मनोहर मोहन नांम
गुणकमल तोरइ वेधीउ मनभ्रमर मुझ रस पूरि
तुझ भेटवा अलजउ घणउ किम करुं थांनक दूरि रे.
वाहला तुं परदेसि जई रह्यउ रे दूरि नयण मेलावउ रे
वाहला लेख लेखवयो प्रीतडी रे संदेसई व्यवहार वाहला.
आंकणी. १

अणदीठइ अलजउ घणउ मन तपइ मिलवा काजि
तुझ देखवा मुख-चंदलउ दोइ नयण करइ रुहाडि
जव सुपन मांहि तुं मिलि तव हर्ष हीइ न माई
है है रे दैव अटारडु वइरणी रयणी विहाइ रे.
वाहला तुं. २

रे सूडिला तोरी पांखडी मुझ आपि करि उपगार
नयण संतोष जइ करुं न खमाइ वेध विकार.
जे जाई घडीघडी ते विना ते वरस सरीखी थाई
विरहीयां हुइ उतावला, खिण एक विलंब न खमाई रे.
वाहलां. ३

रे दैव तिइं एक देसडि सिंया न कीआ दोई अवतार ?
दिन प्रतिइं नयन मेलावडइ संतोष हुंत अपार
परदेसि वाहलां वेगलां जिउ तपइ मिलवा काजि
जउ पंख सरजइ दैव तुं, तु ऊडी मिलुं हुं आज रे.
वाहलां. ४

डुंगर दरीआ विचि वहइ अति विषम अवघट वाट
मनि मिलण मोह धरुं घणुं तुह्म विना अंग उच्चाट

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

मोरा वाहलानि कोई मेलवउ संदेसडु कहुं कोइ
कुंण जांणस्यइ रानइ रडिउ मन दुख लहिस्यइ कोई रे. वाल्हा. ५

मुझ दिवस वरसासु समु तुझ विना रयणि छ मास
तोरइ वेधडइ सहु वीसरु सुहणा तणी सी आस
गुण तोरडइ मन वेधीउं नवि वलि वाल्युं एह
भूख-तरस ऊडी गयां तोरइ वेधडइ दाझि मोरी देह रे. वा. ६

दूतीपणुं तोरा गुंण करइ एक घडी न अलगी होई
जस काजि मन झूरी मरइ परदेसि वाहलां सोइ
मन मांहि गुण छांना वसइ घण अंब मांहि जिम मोरुं चित्त कोरइ
खिणि खिणि दूबलुं थाई मोरुं तन रे. वाहला तुं. वा. ७

(२)

(राग केदारु - **गुडी, श्रेणिक र[य]वाडी चडिउ** - ए देशी)

हूं घणुं जाणुं भेटीइ अति सबल हैयडइ कोड
बिण पांखडी हुं सिउं करुं ए मोटी रे देह मुझ खोडि
वाहालाजी हिअडइ धरजो नेह तु मू मिलवा रे
अलजउ देह रखे पडती रे नेहडइ रेह. वा. ८ द्रुपद (आंकणी)

एकइ रे गामि वसंतडां अंतराय वसि न मिलाई
परदेसि वाहलां जे वसि[१] तस मिलीइ रे केणइ उपाय. वा. ९

किम वसइ तूं परदेसडइ अे भंजि मुझ मनभ्रांति
नवि नीसरइ मन बाहिरिइ मुझ सुहणइ रे तोरडी खंति. वा. १०

सवि सुगुण सुर निज सिरि धरइ हंसला करइं विलास
तुंह नेह बांधी कमलिनी पूरइं पूरइं रे भमरनी आस. वा. ११

दोइ आंखडी अलजउ धरइ मोरइ चित्त तोरुं ध्यान
तुझ नाम जीभ न वीसरइ तोरा गुणडा रे सुख दिये कांनि. वा. १२

१. वेगळा

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

नवि वीसरइ गुण तोरडा जउ लाख जोअण दूरि
पंजरडूं सूनूं भमि तुझ पासइ रे मन रस पूरि. वा. १३

तुझ काजि वाहलां आवडुं झूरी मरुं निसिदीह,
कां कठिन तोरुं हिअडलूं नवि आणइ रे मुझ सिउं नेह. वा. १४

मोरइ चीति तुझ विण को नवी तुझ चित्ति न लहुं कोइ
न खमाइ मइं तुझ वेधडु एक वार रे अम्ह साहमु जोई. वा. १५

(३)

(राग मल्हार : **रुखमणी अंगज जनमीयउ** - ए देसी)

गुंथी तुझ गुणफूलडे नाम मंत्र मुझ अेह रे
विरह तणां विष टालिवा हूं जपूं निसिदीह रे. १६

सुंगुण सलूणा सीमंधरा तोरी जाउं बलिहारि रे
साहयुं जोउ नेह-नयणले करुं वेधीडा सार रे. द्रुपद. १७

मनि मिलवा अलजउ घणउ रचुं कोडि हूं संच रे
प्रापति विण तुम भेटडी लहीइ केणइ प्रपंचि रे. सु. १८

दैविं इम कां सरजीयां नही लेख संदेस रे
नयणां पणि मिली नवि सकइ वाहलां छइं परदेसि रे. सुं. १९

तेहवउ को नही आपणउ जोडइ मुझ तुझ प्रीति रे
लेख-संदेसु मोकलो[२] कहुं वात जे चित्त[३] रे.सुं. २०

चंदु वली वली वीनव्युं मुझ नवि करइ काज रे
विरह-विछोहिआ वेदना पामी नवि लहइ आज रे. सुं. २१

विरह-विछोहीआं माणसां थोडा मेलणहार रे
आप समी लहइ वेदना उसि जाउं बलिहारि रे. सु. २२

दोषी दुरजन जगि घणां पाडइ बाहिरि मांम रे
मनस्युं धरजो प्रीतडी नहि लेखनुं काम रे. सगुण स. २३

२. पाठवुं ३. मन तणी वात

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(४)

## ( राग : आसासिंधू )

वली वली अे दसि जोइइ रे मनोहर दीसइ वाट
मन अलजउ धरइ आविवा रे तुम नेहडा माटि. २४

वाहलाजी करिनइं अह्मारी सार क्षणि क्षणि समरुं गुण ज तोरा
आसाढी मेह जिम समरइ मोरा पूनिम दिन जिम चंद चकोरा
फूल तणा गुण भ्रमर भलेरा. वा. २५ द्रुपद

आंणी वाटइं जाणु आवसइ रे तिणि वेधिइ रहुं बारि
आशा-बांधिउं मन रहइ रे न लहइ असूर सवार. वा. २६

तुझ उपरि मुझ नेहडइ रे साखी चंद सुजांण
घणु कहिं स्यु कारिमूं रे तुझ हाथि मुझ प्राण. वा. २७

पसरी तुम मन मांडविइ रे मनोहर अह्म गुणवेलि
नेहिं जलि नितु सीचजो रे जिम हुइ रंगरेलि. वा. २८

किहां सूरिज किहां कमलिनी रे किहां मोर किहां मेह,
दूरि गया किम वीसरइ रे उत्तम तणा सनेह. वा. २९

मांनस समरइ हंसला रे चातिक समरइ मेह
कमल भमर विंझ हाथीआ रे, तिम समरुं तुझ नेह. वा. ३०

(५)

## ( राग : धन्यासी )

चतुर चमकइ चीतडइ तु चालतां भुंइ सोहइ रे
अमीय झरइ मुखि बोलतां तु तोरइ नयनभ्रमि सहू मोहइ रे. ३१

एहवा रे गुण तुम्ह तणा कांई कहतां नावइ पार रे
मन मांहिं जाणुं घणुं मोहणवेलि अवतार रे. ३२ द्रुपद.

जव जगदीसर मेलस्यइ तव मलसु सुरंगइ रे
कहसु मनना दु:खडां तु अलजउ छइ अति अंगइ रे. एहवा. ३३

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सायर मिसि मेरु लेखणीउ कागल अंबर सार रे
तुहि मननी वातडी ते रे लखितां नावइ पार रे. एहवा. ३४
अखर बावन गुण घणा केता लिखीइ लेख रे
थोडइ घणुं करी जाणजो सुख होस्यइ तुम्ह देखि रे. ए. ३५

मनि जे उपजइ वातडी ते लेखमां न लखाई रे
पापी दोषी दुरजन घणा तु मिल्या पाखइ न कहिवाइ रे. ए. ३६

मनमाहि वाची राखजो लाख टंकानुं लेखइ रे
विरी-हाथि रखे चडइ रखे कोई दुरजन देखइ रे. ३७

सवि अक्षर हीरे जड्या लेख अमूलिक एह रे
वेधक मुखि तंबोलडुं मन-रीझवणुं एह रे. ३८

साधु सिरोमणि जाणीइ **श्रीविनयमंडण उवज्झाय** रे
तास सीस गुण-आगला बहुला पंडितराय रे. ३९

आसो सुदि पुंनिम दिनइ तु शुक्रवार एकांतिइ रे
कागल **जयवंत पंडितइ** लिखीयउ माझिमरातिइ रे. ए. ४०

**- इति श्रीसीमंधरस्वामि लेख समाप्त**
**पं. श्रीहेमराज पठनार्थं ॥**

**शब्दकोश**

अखर ३५.१ अक्षर
अटारडु २.४ वांकु, अटकचाळुं
अमूलिक ३८.१ अमूल्य
अलजउ १.४, २.१, ८.४, १२.१, १८.१, २४.२, ३३.२, आतुरता, उत्कंठा
अवघट ५.१ विकट, मुश्केल
असूरसवार २६.२ वहेलुं मोडुं
अंबर ३४.१ आकाश
आगला ३९.२ अग्रणी, श्रेष्ठ
आशाबांधिउं २६.२ आशाथी बंधायेलुं
उचाट ५.२ अजंपो
उसि २२.२ एनी पर
काजि ७.२ माटे
कारिमूं २७.२ अद्भुत, असाधारण, भयंकर
कांनि १२.२ कानने

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

खंति १०.२ होंश, उमंग
खिण ३.४ क्षण
खोडि ८.२ क्षति
चंदु २१.१ चंद्रमा
छांना ७.३ गुप्त
जाउं बलिहारी १७.१, २२.२, वारी जाउं
टंका ३७.१ नाणुं
तंबोलडुं ३८.२ खावानुं नागरवेलनुं पान
तोरडइ ६.३ तारा
तोरी १७.१ तारी
दाझि ६.४ दाझे, बळे
दूबलुं ७.४ दुर्बळ
देखि ३५.२ जोइने
देसडि ४.१ देशमां
नीसरइ १.२ नीकळे
नेहडइ ८.४ हेतमां
नेहडा २४.२ स्नेह, प्रीति
पाखइ ३६.२ विना, सिवाय
भमि १३.२ भमे
भंजि १०.१ भांगो, दूर करो, निवारो
भुंइ ३१.१ भूमि, भोंय
भेटडी १८.२ मळवुं ते
भ्रमि ३१.२ भ्रमर (आंखनी)
माझिमराति ४०.२ मधराते
मांम २३.१ मोटाइ, मोभो
मिसि ३४.१ शाही
मुझ-सिउं १४.२ मारी साथे
मोरु १.१, ७.३, ७.४ मारो, मारुं
मोहणवेलि ३२.२ मोहनवेल, चित्रावेलि
रडिउ ५.४ रुदन
रयणि ६.१ रात्रि
रंगरेलि २८.२ आनंद
रानइ ५.४ जंगलमां
रीझवणुं ३८.२ प्रसन्नता, राजीपो
रुहाडि २.२ इच्छा, अभिलाषा
रेह ८.४ रेखा-रेख
विरी ३७.२ वेरी, शत्रु
विहाइ २.४ शोभे
विंझ ३०.२ विंध्याचळ पर्वत
वेधक ३८.२ प्रियजन
वेधडइ ६.२, ६.४ विरहव्याकुळतामां, आसक्तिमां
वेधडु/ वेधीडा १५.२, १७.२ वियोग, विरह
वेधिइ २६.१ आसक्तिथी
वेधीउ ६.३ वींध्युं
सलूणा १७.१ सुंदर
संच १८.१ युक्ति, उपाय
सिंया ४.१ शा माटे
सुगुण ११.१ गुणवान
सुरंगइ ३३.१ आनंदभेर
सुहणा ६.२, १०.२ स्वान
सूडिला ३.१ पोपट
हुंत ४.२ होत, थात

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org